સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'કોરોના' એ કુટુંબમાં સંપ-સૂલેહ લાવી દીધો !
ઈર્ષા - દ્વેષ ને કંકાસ-કકળાટ ભૂલાવી દીધો !
બનાવી દીધો સંગઠિત અને સુરક્ષાનો કિલ્લો -
ઘરમાં રહીને, 'ચેપ'ના પાસા પલટાવી દીધા !

હાઈકુ

કેરની સાથે
કરી મહેર પણ -
કર્યાં સૌને એક...
(પરિવાર ભાવના વિકાસ)

રાજકારણે
ભિન્ન મતના નેતા -.
સૌ એકમત...
(અદ્‌ભૂત સંપ)

ચિંતન

અપ્રિય વચન દરિદ્રૈ : પ્રિયવચના ઢયૈઃ સ્વદારપરિતુષ્ટૈઃ ।
પરિપરિવાદ નિવૃત્તિઃ કચિત્કવ ચિન્નંડિતા વસુધા ॥

ઉપરોક્ત શ્લોક ભર્તૃહરિના નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

અહીંયા જે પૃથ્વી પર વિરલ વ્યક્તિત્વ હોય છે. એવાં પૃથ્વીનાં ઘરેણાંની વાત કહેવામાં આવે છે.

જે લોકો અપ્રિય વચનમાં દરિદ્ર છે, એટલે કે એવા લોકો કે જે અપ્રિય વચન ભાગ્યે જ બોલે છે, અને જે પ્રિય વચનમાં સમૃદ્ધ છે. એટલે કે સદાય સૌના પ્રિય લાગે એવાં વચન જ બોલે છે, જે પોતાની પત્નીથી સંતુષ્ટ છે, અને જે પારકાંની નિંદાથી હંમેશા અળગાં રહે છે, તેવા પુરુષોથી પૃથ્વી કોઈ કોઈ જગ્યાએ શોભી રહી છે. અર્થાત્ એવા વિરલા પુરુષો ભાગ્યે જ આ પૃથ્વી પર હોય છે.

પ્રિય - વિનય યુક્ત નમ્ર વચન બોલનારા જૂજ હોય છે, બીજું દાંપત્ય જીવનમાં એકમેક પ્રત્યે બધાને ફરિયાદ હોય જ છે આમ છતાં પુરુષ વફાદારીની બાબતમાં નિર્બળ સાબિત થયો છે. સ્ત્રી પણ હશે પણ એની પેટનાં પાણી ન હાલવાની ગુપ્તશક્તિને કારણે માત્ર પુરુષ બદામ થયો રહ્યો છે. એટલે વફાદારીમાં વિશ્વાસપાત્ર પુરુષો પણ જૂજ હોય છે.

સુવિચાર

- બધાની પાસે સરખી જ આંખો છે, પણ બધાની પાસે સરખો દૃષ્ટિકોણ નથી, બસ એ જ માણસને માણસથી અલગ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે માણસ પાસે સમાધાન કરવાની શક્તિ વધારે હોય છે તેના સંબંધોની વિશાળતા એટલી જ મોટી હોય છે - **અનામી**
- દુનિયાની કોઈ પણ વસ્તુ તમને ગમે તેટલી કિંમતી લાગે.... પણ ઈશ્વર તરફથી મળેલ શાંતિ, ઊંઘ અને આનંદ જેટલી કિંમતી એક પણ વસ્તુ નથી - **નવનીત**
- એમ સંબંધના બંધાય શ્વાસ વગર... ગોપીઓ પણ નહિ આવે રાસ વગર... જગતમાં બનવું છે બધાને રામ... પણ... વનવાસ વગર - **જીવનપાથેય**
- મૌનનો અનુવાદ કરવા શબ્દોની સંસ્થા આવી, ઘોંઘાટને ક્યાં ખબર છે કે એકાંત શું છે? - **ધૈર્યસાગરજી મહારાજ સાહેબ**
- હકારાત્મક દૃષ્ટિવાળાને કીચડ વચ્ચે પણ કમળ દેખાય છે, જ્યારે નકારાત્મક દૃષ્ટિવાળાને કમળ વચ્ચે બેઠેલો કાળો ભમરો દેખાય છે - **રાજુ અંધારિયા**
- આજનું ઔષધ : ટામેટાનો જ્યુસ માફક આવતો હોય તો તે વ્યક્તિને તાવ આવે ત્યારે પીવે તો ગરમી શાંત થશે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકન વૈજ્ઞાનિક નિલ્સ બ્હોર રશિયાની મોસ્કો યુનિવર્સિટીમાં મહેમાન તરીકે ગયા હતા. તેઓની સરળતા અને જ્ઞાનની છાપ એવી હતી કે એમની સાથે કામ કરવા દુનિયાભરના વૈજ્ઞાનિકો તત્પર રહેતા. એમના હરિફો એમની સંસ્થામાં ફાટફૂટ પડાવવા ઘણી કોશિશ કરતા પણ કદી સફળ ન થતા. રશિયન વૈજ્ઞાનિકોએ એમની મોસ્કો યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિકો એકબીજાને નીચા દેખાડવામાં વ્યસ્ત રહેતા હોવાથી ત્યાંના ફિઝિક્સના વડાએ નિલ્સ ને આ બાબતની પૃછા કરતાં પૂછ્યું, 'અમે જાણ્યું છે કે તમારી સાથે કામ કરનાર હંમેશા ખુશ રહે છે અને તમારું સંચાલન અને સંકલન એવું વ્યવસ્થિત છે કે આપની સંસ્થાના દરેક વૈજ્ઞાનિક આકરી મહેનત કરી પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂર્ણ કરે છે. આપ એવો તો શું જાદું કરો છો ?' નિલ્સ બ્હોરે કહ્યું, 'હું મારી સાથે કામ કરનારા દરેક વ્યક્તિની કામની ભરપૂર પ્રશંસા કરું છું. તથા કદાચ મારી કોઈ ભૂલ થાય તો હું એ સ્વીકારવામાં કોઈ પ્રકારનો સંકોચ રાખતો નથી. ખામી જોવી એના કરતાં ખૂબી જોવાથી સૌ મન લગાવીને કામ કરે છે અને સૌ પોતાની ક્ષમતા કરતાં વધુ કામ કરે છે જેથી એક સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ સર્જાય છે અને એથી સંસ્થાને ફાયદો થાય છે.' મોસ્કો યુનિવર્સિટીના સૌ એ તેમની વાતો સાંભળી અને એ આચરણમાં મૂકવાની પ્રતિજ્ઞા કરી.

નિર્બલ કે બલ રામ

તંત્રીસ્થાનેથી...

કોરોના વાઈરસે માનવીનો અહંકાર ઉતારી દીધો છે. એને આકાશમાંથી સીધો જ ધરતી પર લાવી દઈ કુદરત આગળ એની કોઈ જ હેસિયત નથી તે બતાવી દીધું છે. ભગવાન રામ તો પોતે મર્યાદા પુરુષોત્તમ હતા, છતાં 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!' કોરોનાના ડરામણા વાતાવરણમાં ચૈત્રી સંવત્સર શરૂ થયું, ચૈત્રી નવરાત્રના દિવસો પૂરા થઈ ગયા. રામનવમીનો પરમ પાવન દિવસ માથા પર થઈ સરકી ગયો. અને અંગ્રેજી રાજપદ્ધતિ મુજબનું નાણાંકીય વર્ષ પૂરું થઈ ગયું એની પર ખબર ન રહી. ક્યાં તો ૩૧મી માર્ચ સુધીમાં વેપારીઓ - ધંધાદારીઓ - સરકારી કર્મચારીઓને આવકવેરાનાં રિટર્ન ભરવા અને આગોતરો ટેક્સ જમા કરાવવાની પળોજણમાં શ્વાસ ખાવાનો સમય નહોતો મળતો, એને ઠેકાણે બધા આરામથી ઘર પકડીને બેસી ગયા છે. કોરોનાએ માનવીની ગતિ - પ્રગતિ પર સોલિડ બ્રેક મારી દીધી છે. અમેરિકા અંદરથી તૂટી ગયું છે અને ચીન મહાસત્તા બનવાની લાયમાં આખી દુનિયાની આંખે ચડ્યું છે. વાઈરસો સૌ પ્રથમ ચીનના ઓદ્યોગિક નગર વુહાનમાં દેખા દીધી હોઈ એની વ્યુત્પત્તિ ચીની શાસન દ્વારા વિશેષ હેતુ પુરઃસર થઈ હોવાની શંકા જાગે તે સ્વાભાવિક છે. 'બાયોલોજિકલ વોર'ની કલ્પના કોરોના વાઈરસના જગત વ્યાપી પ્રભાવ પછી નજીકની શક્યતા લાગવા માંડી છે. ચીનમાં પેદા થયેલ કોરોનાએ વુહાનમાં માથું ઊંચક્યું પણ ચીનની રાજધાની બીજિંગ અને વાણિજ્યનગર શાંઘાઈ પર એને ઓછાયો ન પડ્યો. એણે યુરોપ અને અમેરિકામાં હાહાકાર મચાવી દીધો અને ભારતને ધીમે રહીને ભરડામાં લીધું છે. જે ગતિએ એના પોઝિટિવ કેસ અને મૃત્યુઆંક વધતો જાય છે તે જોતાં ભારતને એની સામે લાંબા સમયનો મોરચો માંડવો પડે તો નવાઈ નહીં. એ માટે એકવીસ દિવસના લોકડાઉનથી વેળા ન પણ વળે - બલકે સેનાધ્યક્ષ નરવણે વગેરે એ એની સામે યુદ્ધના ધોરણે લડવાની પૂર્વ તૈયારીઓ આરંભી જ દીધી છે. કોરોના માટેની કોવિડ હોસ્પિટલો સ્થપાઈ રહી છે અને વેન્ટિલેટર્સ તથા બેડ વધારવાના પ્રયાસો તેજ બનાવાયા છે.

એક નાનું અમથું એકકોશી મોલીક્યુલ માનવજાતને રાતોરાત સકંજામાં લઈ શકતું હોય તો કુદરત પાસે એવાં તો છૂપાં કેટલાંય બ્રહ્માસ્ત્રો ઉપલબ્ધ હશે. બિલ ગેટ્સ જેવા ધનકુબેરો કોરોનાને આધ્યાત્મિક સંદર્ભે મૂલવતા થઈ ગયા છે. એમણે 'ધ સન' માં પ્રકાશિત કરેલ પત્ર કોઈ ઋષિની અધ્યાત્મ સંપદા સમો છે. તેઓ લખે છે : હું દૃઢપણે માનું છું કે જે કાંઈ બને છે એની પાછળ કોઈ નિશ્ચિત આધ્યાત્મિક હેતુ હોય છે. આપણને એ સારો કે નરસો ભલે લાગે. કોરોના વાઈરસે માનવી માત્રને સમાન લેવલ પર લાવી દીધા છે. આપણને ધનવાન હોઈએ કે ગરીબ, કોઈ પણ ધર્મ સંપ્રદાયને અનુસરતા હોઈએ પરંતુ વાઈરસની નજરે સમાન છીએ. વાઈરસે આખી માનવજાતનું ભવિષ્ય એકબીજા સાથે જોડાયેલું છે તે પ્રતિપાદિત કર્યું છે. સરહદો માણસે બનાવી છે. વાઈરસને એ નડતી નથી. વળી આપણે સંપન્ન લોકો તો વખત પૂરતા ભીંસમાં આવતા હોઈએ પણ દુનિયામાં ઘણાં લોકો જીવનભર પીડાતા રહે છે એનીય વાઈરસે યાદ અપાવી છે. વાઈરસે સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવ્યું છે. જીવન કેવું ક્ષણભંગુર છે એની પ્રતીતિ કરાવી છે. ટૂંકમાં વાઈરસે આપણે જે રેઢિયાળ જિંદગી જીવીએ છીએ અને વૈભવની કલ્પનાઓ કરીએ છીએ એની તદ્દન સામા છેડાની જિંદગી એ જ સાચી જિંદગી છે એનો અહેસાસ કરાવ્યો છે.

ભગવાન રામચંદ્રનું પ્રાગટ્ય રાક્ષસી તત્ત્વોના વિનાશ અને સત્યની પ્રસ્થાપના માટે થયું હતું. એમણે રાજા તરીકે પોતાની સત્તાના ઉપભોગનો તો ક્યારેક વિચાર જ નથી કર્યો.

મહાત્મા ગાંધીને બાળવયે જ ઘરની કામવાળીએ અંધારાથી ડર ન લાગે એ માટે રામ નામ લેવાનું શીખવેલું. રામનામના તરાપે તરીને એ વિશ્વ નાયક બની રહ્યા. એમની આત્મકથાના એક પ્રકરણનું શીર્ષક છે : 'નિર્બલ કે બલ રામ.' આપણે ગમે તેટલા ફાંકા મારતા ફરીએ પણ એક વાઈરસની ધાકથી કેવા ઘરકૂકડી બની ગયા છીએ! રામનવમીના પુનિત પ્રસંગે સૌને જય સિયારામ. રામ જ સૌનું રક્ષણ કરશે. વાઈરસથી લઈ રાક્ષસ કે માનવી - બધામાં રામને જ જોવાની દૃષ્ટિ કેળવીએ તો કોઈ સમસ્યા રહે જ નહીં. 'સિયારામ મય સબ જગ જાની / કરહું પ્રનામ જોરી જુગ પાની...'

પશ્ચિમને 'હનુમાન ચાલીસા'નો પરિચય

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

હિમાલયની તળેટીમાં કૂમાઓંની ટેકરીઓ છે. તેની વચ્ચે ગ્રામ વસેલું છે -



કૈંચી. આ ગ્રામને છેવાડે હનુમાનજીનું મંદિર અને આશ્રમ. આ સ્થાનકો મહારાજજી શ્રી નીમ કરોલી બાબાના. આ સંત પુરુષને ગ્રામજનો હનુમાનના અવતાર સમજે.

કોલિફોર્નિયા - અમેરિકાથી ક્રિષ્ના દાસ (Krishna das), એના મિત્રો સાથે આશ્રમમાં આવ્યા. પહેલાં બાબાએ એનામાં યોગ્યતા નિહાળી; પછી એનાં હૃદયમાં હનુમદ્ - ઉપાસનાની જયોત પ્રગટાવી. ત્યાર પછી તો આ જયોતના અજવાળાં જગતમાં રેલાવા લાગ્યા.

ક્રિષ્ના દાસને હનુમાન ચાલીસામાં રસ પડ્યો. મર્યાદા યેત્ય મોટી હતી. પોતાની પાસે માત્ર માતૃભાષા અંગ્રેજી અને આ સ્તુતિમાં સોળમી સદીની અવધ બોલી. પરંતુ ગુરુજીના પ્રયત્ન એની સાથે હતા. લાગલગાટ બાર મહિના થયા - પહેલાં એમણે લય પકડ્યા, પછી દેવનાગરી લિપિ અને છેવટે એનો અર્થ. અર્થ જાણ્યા સિવાય સ્તુતિનો પાઠ ન થાય. હવે એમને સ્તુતિ ઉપર પ્રભુત્વ આવી ગયું. પછી એણે વિદાય લીધી.

એમણે પોતાનું સંગીત વૃન્દ બનાવ્યું. મુક્ત કંઠે ચાલીસા ગાય. નીના રાવ સહગાયિકા. સાથે હારમોનિયમ તબલા, ડ્રમ, ગીટાર અને વાયોલીનની સંગત. શેરીઓમાં ફરે. પાછળ આકર્ષાઈને લોક ટોળા ફરે. એ બધા પાસે ગવરાવે. એ દેશ દેશમાં ફરે. એના આ લોકસંકીર્તનોની નોંધ લેવાવા લાગી. સતત પાંત્રીસ વર્ષથી આ ચાલીસાના સંકીર્તનો ચાલે એની આ લોકપ્રવૃત્તિ ઉપર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બની. આંતરરાષ્ટ્રીય ગ્રેમી એવોર્ડ માટે ક્રિષ્ના દાસનું નામ નોમિનેટ થયું. એમણે પશ્ચિમને હનુમાન ચાલીસાનો પરિચય આપ્યો; એ રીતે એમને પ્રતિષ્ઠા મળી.



પોતે લેખક અને કવિ. એમણે પુસ્તક પ્રકાશિત કર્યું. 'ચેઈન્ટિંગ ધ હનુમાન ચાલીસા' - 'ફ્લો ઓફ ગ્રેસ.' હનુમાન ચાલીસાનું ગાન - ઈશ્વરીય કૃપાનો વહેલો પ્રવાહ. ગયે વરસે ૨૦૧૯માં એની સંવર્ધિત આવૃત્તિ પ્રકાશિત થઈ. ભારત - ચીન - તીબેટમાં હનુમાન ચાલીસા, હનુમાન ચાલીસાનું મહત્ત્વ, પોતાના ગુરુજીનું પ્રદાન - આ બધી બાબતો પ્રારંભમાં જણાવી. સાથે ૧૦૩ મિનિટની બે સીડી રાખી. તેમાં આ સંગીતવૃન્દનું ગાન અને ગાવાની પદ્ધતિ બતાવી.

અર્થ જાણ્યા સિવાય સ્તુતિ ન બોલાય. એ એમનો સિદ્ધાંત. આ પુસ્તકમાં હનુમાન ચાલીસા અંગ્રેજી લિપિમાં આપ્યા. પોતે સ્વભાવે કવિ. એટલે સાથોસાથ અંગ્રેજી પદ્ય અનુવાદ આપ્યા.

એમણે અંગ્રેજી પદ્યઅનુવાદનું એક ઉદાહરણ અહીં આપ્યું છે -

સંકટ કટૈ મિટૈ સબ પીરા,
જો સુમરૈ હનુમત બલબીરા.
All Affiliation Leases and all Pain Is Removed

(ચેઈન્ટિંગ ધ હનુમાન ચાલીસા, ફ્લો ઑફ ગ્રેસ - ક્રિષ્ના દાસ; મંડલ પબ્લિશિંગ, સાન રાફેલ, કેલિફોર્નિયા, અમેરિકા; ૨૦૧૯; રિવાઈઝ્ડ એડિશન)

મહાબલિપુરમ્ નગરની સ્થાપના કોણે કરી હતી?

ભારતનો ઈતિહાસ

૧ જે ચિત્રકળાનો શત્રુ છે તે મારો શત્રુ છે' આ વિધાન કયા મુગલ સમ્રાટે કર્યું હતું ?
(અ) બાબર (બ) અકબર
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૨ કયા મુગલ સમ્રાટનો રાજ્યાભિષેક બે વાર થયો હતો ?
(અ) જહાંગીર (બ) અકબર
(ક) ઔરંગઝેબ (ડ) હુમાયુ

૩ કયો શાસક ઈતિહાસમાં 'બુદ્ધિમાન મૂર્ખ' તરીકે ઓળખાય છે ?
(અ) મોહંમદ તઘલખ (બ) ઈબ્રાહીમ લોદી
(ક) શાહજહાં (ડ) સિકંદર લોદી

ખજાનો

અનિલ પટેલ

૪ ઉજ્જૈનનું પ્રાચીન નામ શું હતું ?
(અ) ભોજપુરી (બ) અવંતિકા
(ક) અલકાપુરી (ડ) અવધપુરી

૫ ચાણક્ય કયા વિશ્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કાગગીરી કરી હતી?
(અ) વિક્રમશીલા (બ) તક્ષશીલા
(ક) નાલંદા (ડ) ત્રણેયમાંથી એક પણ નહીં

૬ મહાબલિપુરમ્ નગરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) પલ્લવ નરસિંહવર્મન (બ) ગંગ શાસક નરસિંહદેવ
(ક) સમ્રાટ હર્ષવર્ધન (ડ) બૃહદ્રથ

૭ જૌનપુર નગરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ફિલોઝશાહ તુઘલખ (બ) મોહમદ તુઘલખ
(ક) અલ્લાઉદ્દીન ખીલજી (ડ) કુતુબુદ્દીન ઐબક

૮ મોહંમદ ઘોરી અને જયચંદ વચ્ચે કયું યુદ્ધ થયું હતું ?
(અ) પાણીપતનું યુદ્ધ (બ) ચંદાવરનું યુદ્ધ
(ક) તરાઈનું યુદ્ધ (ડ) નર્મદા યુદ્ધ

૯ 'ઢાઈ દિન કા ઝોપડા' નું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(અ) હુમાયુ (બ) શેરશાહ
(ક) અલ્લાઉદ્દીન ખીલજી (ડ) કુતુબુદ્દીન ઐબક

૧૦ આત્મીય સભાની સ્થાપના કોણે કરી હતી ?
(અ) સહજાનંદ સ્વામી (બ) દયાનંદ સરસ્વતી
(ક) રાજારામ મોહનરાય (ડ) સ્વામી વિવેકાનંદ

૧૧ મલિક કાફુર કોનો સેનાપતિ હતો ?
(અ) બાબર (બ) ઈબ્રાહીમ લોદી
(ક) કુતુબુદ્દીન ઐબક (ડ) અલ્લાઉદ્દીન ખીલજી

૧૨ મહોમદ બિન કાસિમે સિંધ પર આક્રમણ કયારે કર્યું હતું ?
(અ) ઈ.સ. ૭૦૦ (બ) ઈ.સ. ૭૧૨
(ક) ઈ.સ. ૭૨૦ (ડ) ઈ.સ. ૭૫૦

૧૩ કોણાર્કનું સૂર્યમંદિર કોણે બંધાવ્યું હતું ?
(અ) ભીમદેવે (બ) પલ્લવ નરસિંહ વર્ધમાન
(ક) ગંગ શાસક નરસિંહ દેવે (ડ) બૃહદ્રથે

૧૪ તાંબાના 'જીતલ' નામના સિક્કા કોણે બહાર પાડ્યા હતા ?
(અ) ઈલ્તુતમિશ (બ) મહોમદ ઘોરીએ
(ક) શાહઆલમે (ડ) સિકંદર લોદી

૧૫ 'આના'ના સિક્કા કોણે શરૂ કર્યા ?
(અ) ઔરંગઝેબ (બ) જહાંગીર
(ક) શાહજહાં (ડ) હુમાયુ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૩ એપ્રિલ :**
- જનરલ માણેકશાનો જન્મ દિવસ (૧૯૧૪)
- મહારાષ્ટ્રના રાયગઢ કિલ્લામાં શિવાજીનું નિધન (૧૬૮૦)
- સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ પરથી પ્રથમ વિમાન ઉડ્યું (૧૯૩૩)
- રાકેશ શર્મા અંતરીક્ષયાનની યાત્રા કરનાર પ્રથમ ભારતીય બન્યા (૧૯૮૪)
- **૪ એપ્રિલ : વહાણવટા દિવસ (સાગરદિન)**
- જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેટા હિન્દી સાહિત્યકાર સચ્ચિદાનંદ અજ્ઞેયજીનું નિધન (૧૯૮૭)
- પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ઝુલ્ફીકાર અલી ભૂટ્ટોને ફાંસી અપાઈ (૧૯૭૯)
- અમેરિકાના ગાંધી ગરીબોના બેલી ડૉ. માર્ટિન લ્યૂથર કીંગનું અવસાન (૧૯૬૮)
- હંસાબેન મહેતાની પુણ્યતિથિ (૧૯૯૫)
- **૫ એપ્રિલ : નેશનલ મેરીટાઈમ દિવસ**
- દીનબંધુના હુલામણા નામથી જાણીતા ચાર્લ્સ ફીયર એન્ડ્રુઝનું કલકત્તામાં નિધન (૧૯૪૦)
- અમેરિકાના હબસીઓના પ્રથમ શૈક્ષણિક નેતા બુકર ટી વોશિંગ્ટનનો જન્મદિવસ (૧૮૫૬)
- ચંદ્રવદન મહેતાની જન્મજયંતિ (૧૯૦૧)
- પંડિત જવાહરલાલ નહેરુના હસ્તે નર્મદા યોજનાનો શિલાન્યાસ (૧૯૭૧)
- **૬ એપ્રિલ :**
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર પન્નાલાલ પટેલનું નિધન (૧૯૮૯)
- પુલિત્ઝર પારિતોષિક વિજેતા અમેરિકન કવિ એડવિન ઓર્બીટ રોબીન્સનું નિધન (૧૯૩૫)
- ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ (૧૯૮૦)
- કર્નલના નામથી જાણીતા બેટ્સમેન દિલીપ વેગસરકરનો જન્મ (૧૯૫૬)
- **૭ એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ**
- સાહિત્યકાર આનંદ શંકર ધ્રુવનું નિધન (૧૯૪૨)
- અમેરિકાના સૈનિકોએ ઈરાકની રાજધાની બગદાદ પર કબ્જો કર્યો (૨૦૦૩)
- રવિશંકર મહારાજની જન્મજયંતિ (૧૯૨૦)
- **૮ એપ્રિલ :**
- રણજીતરામ સુવર્ણચંદ્રક સન્માનિત સાહિત્યકાર યશવંત શુક્લનો જન્મદિવસ (૧૯૧૫)
- 'વંદે માતરમ્' ના રચયિતા બંકીમચંદ્ર ચેટર્જીનું નિધન (૧૮૯૪)
- ભગતસિંહે દિલ્હીની ધારાસભામાં બોમ્બ ધડાકો કર્યો (૧૯૩૧)
- ભારત સરકારે કંડલા બંદરને મુખ્ય બંદર તરીકે માન્યતા આપી (૧૯૫૫)
- **૯ એપ્રિલ :**
- પદ્મભૂષણ સન્માનિત રાહુલ સાંકૃત્યાપનનો જન્મદિવસ (૧૮૯૩)
- અમિતાભ બચ્ચનના પત્ની અને ફિલ્મી કલાકાર જયા બચ્ચનનો જન્મદિવસ (૧૯૪૮)
- કચ્છના રણમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાયું (૧૯૬૫)
- જૈન ફિલોસોફર શ્રીમદ્ રાજચંદ્ર (રામચંદ્રભાઈ મહેતા)નું અવસાન (૧૯૦૧)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કોરોના વાઈરસના ચેપની શરૂઆત ચીનના કયા શહેરથી થઈ હોવાનું મનાય છે?

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મહેશ જાદવ : રાયસણ (૫) રુચિત પટેલ : ગાયત્રી રેસી. (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) ઠાકોર કિરણ બી : સે-૨૪ (૮) મિત્ત પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

કોરોનાના કારણે હાલમાં વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા દેશમાં લોકોનાં થયાં ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

બળાત્કાર માત્ર કાયદા કે ફાંસીથી નહીં રોકાય

રંગ-ઉમંગ

કાનન ઓઝા

હમણાં હમણાં બળાત્કારની ઘટનાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. એક મિત્રએ કહ્યું, હમણાં બળાત્કારની ઘટનાઓ વધુ પ્રમાણમાં બને છે. હકીકતમાં બળાત્કારની ઘટનાઓ પહેલાં પણ બનતી હતી, પરંતુ તે બહાર નહોતી આવતી. હવે તે ઘટનાઓ બહાર આવવા લાગી માટે આપણને તેનું પ્રમાણ વધુ લાગે છે. જેના પુરાવા રુપે કેટલાંક આંકડા : વર્ષ ૨૦૧૧ માં દેશમાં સૌથી વધુ બળાત્કારની પં.બંગાળમાં ૧૧,૦૦૦, ઉ.પ્ર.માં ૮૮૪૪, આસામમાં ૮૦૬૦ અને મહારાષ્ટ્રમાં ૭૭૦૩. તો સૌથી ઓછી બળાત્કારની ઘટના સિક્કીમ, ૧૬, નાગાલેન્ડ ૨૩ અને ગોવામાં ૨૯. જેનો ખ્યાલ મોટ ભાગના લોકોને નથી. ડિસેમ્બર માસમાં દિલ્હીમાં દામિની ઘર ઘટેલ બળાત્કારની ઘટનાથી દેશ જાણે કે જાગૃત બની ગયો. માટે તો કેન્દ્ર સરકારે બળાત્કારની ઘટનાના અપરાધીને શું સજા હોઈ શકે અને ઘટના રોકવા માટેના ઉપાયો માટે જસ્ટીસ સ્વ. વર્માની અધ્યક્ષતામાં કમિટિની રચના કરી. આ કમિટિએ અપરાધીને ફાંસી આપવા અંગે કહેલું કે, જો પીડિતાનું મોત થાય કે તેના શરીરના કોઈ અંગ પર અસર થાય કે જે અંગ સારું થઈ શકે નહીં તો તે અપરાધીને ફાંસી આપવાની વાત છે, અન્યથા નહીં. પરંતુ ગત સપ્તાહમાં જ બાળકી શિવાની પર બનેલી ઘટનાથી દેશમાં શું સજા આપવી તે અંગે ફરી લોકમત ઊભો થયો. દેશની સંસદમાં અને આમ લોકો કહેવા લાગ્યા કે, બળાત્કારના અપરાધીને ફાંસીની સજા આપવી જોઈએ અને તે પણ જાહેરમાં. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, અપરાધીને ફાંસીની સજા આપવાથી શું બળાત્કારની ઘટનાઓ અટકશે ખરી ? આપના દેશમાં ખૂન કે આતંકવાદ માટે ફાંસીની સજા છે જ. તો શું આ દેશમાં ખૂન કે આતંકવાદની ઘટનાઓ નથી બનતી ? કહેવાનો અર્થ એ નથી કે અપરાધીને ફાંસીની સજા નહીં આપવી, પણ કહેવાનો અર્થ એ છે કે, માત્ર ફાંસીની સજા આપવાથી બળાત્કારની ઘટનાઓને રોકી શકાશે નહીં. આ માટે વિવિધ પ્રકારના પ્રયત્નો કરવા પડશે.

આમ જોવા જઈએ તો અપરાધ માટે બે બાબતો મહત્ત્વની છે. એક તો અપરાધ રોકવો અને અપરાધીને સજા કરવી. જેમાં પ્રથમ બાબત વધારે મહત્ત્વની છે. અપરાધીને સજા માટેના પ્રયત્નો કરતાં અપરાધ ન થાય તે માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે. બળાત્કારની ઘટનાને રોકવા માટે પોલીસમાં સુધારા કરવાની જરૂર છે જ. પણ તે થશે તો બળાત્કાર અટકી જશે તેવું પણ માનવાની જરૂર નથી. પોલીસ આવી ઘટનાને રોકી ન શકે, પણ રોકવા માટે સહયોગી ચોક્કસ પણ થઈ શકે. પોલીસની સાથે સમાજે પણ પોતાની ભૂમિકા ભજવવી પડશે. આ માટે દરેક વાલીએ પોતાના બાળકોમાં ચોક્કસ પ્રકારના સંસ્કારોનું સિંચન કરવું પડશે અને શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં ચોક્કસ પ્રકારના મૂલ્યો જાગૃત કરવા પડશે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ભૂમિકા પણ મહત્ત્વની થઈ પડે છે, તેમણે પણ સમાજમાં જાગૃતિ લાવવા માટે આવા અપરાધોને અટકાવવા માટે પ્રયત્નો કરવા પડશે. સમાજમાં વસતા દરેક વ્યક્તિની માનિસકતા બદલવી પડશે. સમાજમાં નગરપાલિકા, મહિલા મંડળો, ગામના સરપંચો, વિવિધ મંડળો, કલબો વગેરેએ પ્રયત્નો કરવા જોઈએ. આવા ગૂના અટકાવવા એ કોઈ એક ડિપાર્ટમેન્ટનું કામ નથી, પણ બધા ડિપાર્ટમેન્ટે સાંકળ બનાવવી પડશે.

આવી ઘટનાઓ બનવા પાછળનું મુખ્ય કારણ ગૂનો કરનાર વ્યક્તિમા સમસ્કાર કે મૂલ્યો નથી,સાથે તેને કાયદાનો ડર નથી. હમણાં બનેલી આવી ઘટનાના ગૂનેગારોને પૂછવામાં આવેલું કે, આ ગૂના માટે શું સજા હોઈ શકે તેનો તને ખ્યાલ છે ? ત્યારે મોટાભાગનો જવાબ 'ના' જ હતો. આમ જે માણસ કાયદો જ ન જાણતો હોય તેને કાયદાનો ડર ક્યાંથી હોય ? અંતે દિલ્હીમાં ૨૦૧૩માં એપ્રિલના પ્રથમ સપ્તાહ સુધી સંબંધીઓ દ્વારા થયેલ બળાત્કારના કેટલાક આંકડા. પિતા દ્વારા - ૧૦, સાવકાભાઈ દ્વારા - ૦૨, પતિ દ્વારા - ૦૯, પિતરાઈ ભાઈ દ્વારા - ૦૫, સસરા દ્વારા - ૦૨, પડોશી દ્વારા - ૧૧૫, મિત્ર દ્વારા - ૧૨, પ્રેમી દ્વારા - ૧૧૮, મકાન માલિક દ્વારા - ૦૮ અને ડૉકટર દ્વારા - ૦૨. આમ માત્ર કાયદાથી બલાત્કાર રોકાશે નહીં. કાયદા બળાત્કાર રોકવામાં સહભાગી બની શકે, પણ તે માટે વ્યક્તિની માનસિકતા બદલવાની જરૂર છે. જેમાં શિક્ષણ, ધર્મ, કુટુંબ જેવા પરિબળો દ્વારા સંસ્કાર, મૂલ્યો, જવાબદારીની ભાવના, નૈતિકતા વગેરે વધારે ઉપયોગી થઈ પડશે.